Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-15, Issue-1, June-2021
www.researchguru.net

'પોલીએના'

# એલીનોર પોર્ટર કૃત અંગ્રેજી નવલકથા 'પોલીએના'-આસ્વાદલક્ષી સમીક્ષા (ગુજરાતી અનુવાદ-નિતીન ભટ્ટ)

**ડૉ.ભાવિન પરમાર**
મદદનીશ પ્રાધ્યાપક(ઇતિહાસ)
ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ(સાંજ)અમદાવાદ

***સારાંશ :***

*એલીનોર પોર્ટર કૃત નવલકથા 'પોલીએના' જીવન જીવવાની એક નવી પ્રેરણા આપતી નવલકથા છે. આ નવલકથાનું મુખ્ય પાત્ર છે પોલીએના. માતા-પિતાના અવસાન બાદ 11 વર્ષની પોલીએના જવાબદારી તેના આંટી મિસ.પોલી પર આવે છે. મિસ પોલી સ્વભાવના કડક, ગંભીર, ચીડિયા અને શિસ્તના આગ્રહી છે. પોલીએનાને તેના પિતાએ કોઇપણ પ્રકારની પરિસ્થિતીમાં ખુશ રહેવા માટે 'રાજી થવાની રમત' શીખવી હતી. આ રમતના આધારે પોલીએના મિસ.પોલીને ત્યાં આવે છે ત્યારે પોતે કલ્પેલા પડદાવાળા રૂમની જગ્યાએ તેને માળિયાવાળો રૂમ મળે છે. પરંતુ રાજી થવાની રમત રમવા ટેવાયેલી પોલીએના આ બધીજ પરિસ્થિતીમાં ખુશ રહેવાનું શોધી કાઢે છે. આ રાજી થવાની રમત તે નવલકથાના અન્ય પાત્રો જેવા કે નેન્સી, જ્હોન પેન્ડલટન, ડૉ.શિલ્ટન, મેડમ સ્નો, જ્હોન, મેડમ બેન્ટન, મિસીસ પેયર્સન, અને મિસ પોલીને શીખવી તેમના જીવનોમાં પરિવર્તન લાવે છે. જીવનમાં હકારાત્મક અભિગમની પ્રેરણા આપી જતી નવલકથા 'પોલીએના' છે.*

**'પોલીએના'-આસ્વાદલક્ષી સમીક્ષા :**

એલીનોર પોર્ટર કૃત 'પોલીએના' જીવન જીવવાની એક નવી પ્રેરણા આપતી નવલકથા છે. આ નવલકથાના પાછળના પૃષ્ઠ પર લખેલ છે કે "આ નવલકથા નથી કોઇ તત્વજ્ઞાન, નથી કોઇ આદર્શ કે સિદ્ધાંતની સૂફિયાણી સલાહ કે નથી એવી કોઇ મોટાં ગજાની નાયિકા! તેમ છતાં આ નવલકથા એક બેઠકે પૂરી કરીને જ ઊભા થવાનું મન થાય એ હદે કથારસ અને કથાતંતુ વાચકને જકડી રાખે છે. તેનું કારણ શું? "

મારા મત મુજબ વાચકને જકડી રાખતું કારણ છે પોલીએના. હા. આ નવલકથાનું મુખ્ય પાત્ર. ગમે તેવી પરિસ્થિતિમાં ખુશ રહેવાની વૃતિ ધરાવતું આ પાત્ર ખૂબ અનોખું અને સૂચક છે. પોલીએના 11 વર્ષની છે. પહેલા માતાનું ત્યારબાદ પિતાનું અવસાન થતાં તેની જવાબદારી તેની આંટી મિસ.પોલી પર આવે છે. પોલીએનાની માતા જેનીએ પરિવારનીં વિરુદ્ધ જઇને એક પાદરી સાથે લગ્ન કરેલ હોવાથી મિસ.પોલી અને તેમના પરિવાર સાથેનો સંબંધ પૂરો થઇ ગયેલો. જેનીએ પોતાની બે દિવંગત દિકરીઓ પોલી અને એનાનાં સ્મરણરૂપે પોતાની ત્રીજી દિકરીનું નામ પોલીએના રાખેલું. વર્ષો બાદ 40ની ઉંમરે પહોંચેલાં મિસ.પોલી પર પોલીએનાની જવાબદારી આવે છે.

મિસ.પોલી બેલ્ડિંગ્સવીલે શહેરમાં ટેકરી પર આવેલા પોતાનાં મોટા બંગલામાં એકલાં રહેતાં. નેન્સી તેમની નોકર હતી અને ટોમ તેમના બગીચાનો માળી હતો. મિસ.પોલી કડક સ્વભાવનાં, ગંભીર, ચીડિયાં અને શિસ્તનાં આગ્રહી હતાં.તેમનાં આવા સ્વભાવથી તે લોકોને અણગમતાં હતાં. તેમની નોકર નેન્સી તેમના આવા સ્વભાવથી ત્રાસેલી હતી પરંતુ તેનાં કુટુંબની મજબૂરી હોવાથી તે અહીં બધું સહન કરીને રહેતી હતી. મિસ.પોલીએ પોતીની ફરજ સમજીને પોતાની ભાણેજ પોલીએનાને સ્વીકારી

હતી. પરંતુ તેમના શબ્દો 'વણજોઇતાં છોકરાંમાં' પોલીએના પ્રત્યેનો અણગમો આપણને જોવા મળે છે. મિસ પોલી પોતાની ભાણેજ માટે નેન્સી પાસે માળિયાવાળો રૂમ -જ્યાં ઉનાળામાં ગરમી, શિયાળામાં ઠંડી લાગે, પડદા કે જાળી વગરની બારીઓ. ન કોઇ ચિત્ર કે ગાલીચો. બે સાદી ખુરશીઓ, અરીસા વિનાનું કબાટ, નાનું ટેબલ હોય તેવો રૂમ તૈયાર કરાવે છે. એટલે સુધી કે તે પોલીએનાને લેવા માટે સ્ટેશન પણ જતાં નથી. નેન્સીને મોકલે છે.

પાંખા વાળ, લાલ રંગનો ડ્રેસ, સાદડીની હેટ પહેરેલી પોલીએના નેન્સી સાથેની પ્રથમ મુલાકાતમાં નેન્સીને મિસ.પોલી માની બેસે છે પરંતુ જ્યારે તેને ખ્યાલ આવે છે કે તે નેન્સી છે ત્યારે થોડી નિરાશ થાય છે. નેન્સી સાથેની વાતોમાં પોલીએના પોતાના લાલ ડ્રેસ, મહિલા સહાયક મંડળના સભ્યો, દાનપેટીમાં આવતી ભૂરા રંગની રિબન વગેરેની વાતો આનંદથી કરે છે. મિસ.પોલીને પ્રથમ મુલાકાતમાં જ પોલીએના ચાંપલી લાગે છે. પોલીએના સરસ ચિત્રો, રંગીન પડદા અને મખમલી ગાલીચાથી સજાવેલા રૂમના બદલે માળિયાવાળો રૂમ જોઇ રડી પડે છે. પરંતુ પછી તરત જ પોતાના રૂમમાં અરીસો નથી તો સારૂં છે કે પોતાનું ડાઘાવાળું મોઢું જોવું નહીં પડે! પોતાનાં રૂમમાં ચિત્રો નથી તો સારૂં છે કારણ કે બારી બહાર દેખાતું સુંદર દ્રશ્ય તે જોઇ શકે છે. આમ પોલીએના પોતાના માળિયાવાળા રૂમને રાજી થવાની રમતથી સજાવી લે છે. પ્રથમ દિવસે જ જમવાના સમયે સમયસર ન પહોંચતા પોલીએનાને દૂધ અને બ્રેડ ખાવાં પડ્યાં હતાં પણ તેણે ખુશીથી તે ખાઇ લીધાં.

પોતાના પિતાએ શીખવેલી રાજી થવાની રમતથી પોલીએના માળિયાવાળો રૂમ સ્વીકારી લે છે સાથે સાથે નેન્સી પણ પોલીએનાને ખુશ જોવા માટે આ રમત સ્વીકારી લે છે. આ રમતથી જ પોલીએના ખુશ છે. 'હું બહુ ખુશ છું બસ. આજે જીવું છું એટલે જ બહુ ખુશ છુ.' આ રમતથી જ તેને માખીઓ પરનું પુસ્તક પણ રસપ્રદ લાગે છે. મિસ પોલી પોલીએના માટે દિવસનું શિડ્યુલ બનાવે છે જેમાં અભ્યાસ, સંગીત, શિવણકામ, રસોઇ બધી જ પ્રવૃતિઓને આવરી લેવામાં આવે છે પરંતુ પોલીએના આ શિડ્યુલમાં પોતાના જીવવાનો સમય માંગી લે છે. અહીં તે સૂચક રીતે કહે પણ છે કે ગમતી પ્રવૃત્તિ કરતા નથી ત્યારે આપણે જીવતા હોતા નથી. પોલીએનાનાં કપડાં ખરીદવાને પણ મિસ.પોલી એક ફરજ ગણતા ત્યારે પોલીએના તેમને આ ફરજ આનંદથી બજાવવાનું કહે છે પરંતુ મિસ.પોલી તે સમજી શકતા નથી જિંદગી આખી લોકો ફરજ બજાવવામાં જ વિતાવી દેતા હોય છે.

નેન્સીને પોતાનું નામ ગમતું ન હતું. પોલીએના રાજી થવાની રમત તેને શીખવે છે અને જણાવે છે કે જો તમારૂં નામ હેફ્ઝિબાહ તો તમને કેવું લાગે? તે કરતા નેન્સી નામ ખૂબ સરસ છે. ઉનાળામાં ગરમીથી તપેલા રૂમમાં પોલીએના ઊંઘી શકતી ન હોવાથી બારી પરના છાપરા પર સરસ ઠંડકમાં સૂઇ જાય છે પરંતુ આ રીતે સૂવામાં તે મિસ.પોલીના ગુસ્સાનો ભોગ બને છે. તેને તેમની સાથે સૂવું પડે છે. આ ઘટનામાં પણ પોલી આન્ટી સાથે સૂવાની સજા પોલીએનાને તો મજા જ લાગે છે. જો કે મિસ.પોલી પોલીએનાના રૂમની બારીઓને જાળીઓ નંખાવવાના કામને પોતની ફરજ જ ગણતાં હતાં.

નવલકથામાં આવતાં મેડમ સ્નો જે ગરીબ અને બિમાર હતાં અને પોતાની દિકરી

મિલી સાથે રહેતાં. મિસ.પોલી તેમને જેલી મોકલતાં તે પણ તે પોતાની ફરજ ગણતાં. મેડમ સ્નોને જે વસ્તુ મળતી તે તેમને ક્યારેય યોગ્ય ન લાગતી. જેમ કે, કોઇ તેમના માટે જેલી મોકલે તો તેઓ મટન સૂપની આશા રાખતા. તેઓ હંમેશા ઘરના છેવાડાના અંધારાવાળા રૂમમાં રહેતાં. મિસ.પોલી પોલીએનાને જેલી આપવા મેડમ સ્નોને ત્યાં મોકલે છે ત્યારે પોલીએના ખૂબ ઉત્સાહથી મેડમ સ્નોને મળે છે. તેમના અંધારા રૂમના પડદા ખોલી પ્રકાશને અંદર આવવા દે છે. મેડમ સ્નોને વાળ સરસ રીતે ઓળી આપી તેમાં ગુલાબનું ફૂલ નાંખી આપે છે. અરીસામાં પોતાના ચેહેરો જોતાં મેડમ સ્નો રાજી થાય છે. બીજી મુલાકાત વખતે પોલીએના મેડમ સ્નો માટે જેલી, ચિકન અને મટનનો સૂપ ત્રણેય તેમને ગમતી વસ્તુઓ લઇ જાય છે. મેડમ સ્નો તેને બાજુમાં વાગતા સંગીતથી પોતાની ઊંઘ ખરાબ થાય છે તેની ફરિયાદ કરે છે ત્યારે પોલીએના જણાવે છે કે સારૂં છે. તમને સંધિવા નથી થયો. સંગીતથી તમારી ઊંઘ ખરાબ થાય છે તો તમે પડખું તો ફેરવી શકો છો. પરંતુ જેમને સંધિવાનો રોગ થયો હોય તે તો પડખું પણ ફેરવી શકતા નથી. તમારે કાન છે માટે તમે સરસ સંગીત સાંભળી શકો છો પરંતુ જે બહેરા છે તેમનું શું થતું હશે ? આમ, પોલીએના મેડમ સ્નોને પોતાના પિતાએ શીખવેલી રાજી થવાની રમત રમતા શીખવાડે છે. પરિણામ સ્વરૂપ મેડમ સ્નોના જીવનમાં ખૂબ મોટું પરિવર્તન આવે છે.

પોલીએના જેમ જેમ મિસ.પોલી સાથે રહે છે તેમ મિસ.પોલીનું વર્તન બદલાવા લાગે છે. પોલીએના વાતો જ પોતાના ધારેલા ગાલીચા, ચિત્રો અને સરસ પડદાવાળા રૂમની વાત કરી બેસે છે. મિસ પોલી તેને સરસ ગાલીચા, ચિત્રો, પડદાવાળો રૂમ આપે છે. પોલીએના રસ્તા પરથી મળેલા ફલકી બિલાડી તથા બફી ગલૂડિયાને ઘરે લાવે છે અને બધાંના આશ્ચર્ય વચ્ચે બંન્નેને ઘરમાં રાખવા માટે મિસ.પોલીને મનાવી પણ લે છે. આ સમય દરમિયાન પોલીએના જિમ બીન નામના અનાથ છોકરાને મળે છે. તેને પણ ઘરે લઇ આવે છે પરંતુ મિસ.પોલી તેને ભિખારી કહી બેસે છે. તેથી જિમ મિસ.પોલીના ઘરમાંથી ચાલ્યો જાય છે. પોલીએના મહિલા સહાયક મંડળ પાસે જિમને મદદ કરવાની વાત કરે છે પરંતુ તેને નિરાશા પ્રાપ્ત થાય છે.

પોલીએનાની મુલાકાત જ્હોન પેન્ડલટન નામના સજ્જન સાથે થાય છે. જે પેન્ડલટન ટેકરી પર આવેલા મોટા મકાનમાં એકલા રહેતા હતા અને ખૂબ પૈસાદાર હતા. એકવાર પોલીએનાને પેન્ડલટન વનમાં જ્હોન પગ ભાંગેલી અવસ્થામાં દર્દથી કણસતો મળી આવે છે. જ્હોનની સૂચના પ્રમાણે તે તેમના ખિસ્સામાંથી ચાવી મેળવી તેમના ઘરે જઇ ડો.શિલ્ટનને મદદ માટે બોલાવે છે. થોડા દિવસો બાદ પોલીએના જહોન માટે જેલી લઇ જવાની વાત મિસ.પોલીને કરે છે. પરંતુ મિસ.પોલી તેને ના પડે છે. પછીથી જેલી લઇ જવાનું કહે છે પરંતુ તે જેલી મિસ.પોલીએ મોકલી નથી તેમ મિ.પેન્ડલટનને જણાવવાનું પણ કહે છે. પોલીએના જ્હોનને રાજી થવાની રમત વિશે વાત કરી પોતે મિસ.પોલીની ભાણેજ -તેમના બેનની દિકરી હોવાની ઓળખાણ આપે છે. આ ઓળખાણથી જ્હોન થાડો ઉદાસ બની જાય છે. પોલીએના ડો.શિલ્ટન સાથે ઘોડાગાડીમાં ઘરે પાછી જવા માટે નીકળે છે. રસ્તામાં તે ડો.શિલ્ટનને તેમનો વ્યવસાય સૌથી વધારે આનંદ આપનારો -રાજી થવાય તેવો છે, કારણ

કે તે સામા વ્યક્તિનું દર્દ મટાડે છે એવી વાત કરે છે. ડો.શિલ્ટન પણ પોલીએનાની વાતથી ખુશ થઇ જણાવે છે કે જેમ દર્દીઓને ડોક્ટરની જરૂર છે તેમ તેમને પોલીએના પાસે જે રાજી થવાની રમત છે તેની પણ એટલી જરૂર છે.

એકવાર પોલીએના મિસ.પોલીના વાળ સરસ રીતે ઓળાવીને તેમાં ગુલાબ નાંખી તેમને લેસવાળી શાલ પહેરાવી સરસ તૈયાર કરે છે. ત્યારે જ ડો.શિલ્ટન ત્યાં આવે છે. મિસ.પોલી શરમાઇને રૂમમાં ચાલ્યાં જાય છે. પોલીએના ડો.શિલ્ટનને પોતાના મિસ.પોલી આન્ટી કેવા સરસ લાગતા હતા તેની વાત કરે છે. ડો.શિલ્ટન પોલીએનાને જ્હોન પેન્ડલટનના ઘરે લઇ જાય છે. આ વખતે હંમેશા ગુસ્સામાં અને અતડા રહેતા જ્હોન હસીને પોલીએનાનું સ્વાગત કરે છે. જ્હોને દેશ પરદેશમાં પ્રવાસ કરીને જે વસ્તુઓ ખરીદી હતી તે પોલીએનાને બતાવે છે. જેમ કે, ચીનનો શતરંજનો સેટ, ભારતની મૂર્તિ વગેરે. ઘરે પાછા ફરતા સમયે જ્હોન પોલીએનાને ફરીથી મળવા આવવાનું કહે છે. ઘરે પહોંચી પોલીએના નેન્સીને જ્હોન સાથે થયેલી મુલાકાતની વાત કરે છે. નેન્સી જ્હોન પેન્ડલટનને મિસ.પોલીના પ્રેમી હોવાનું માની લે છે. આ વાતથી પોલીએના ખુબ ખુશ થઇ જાય છે.

એકવાર બીમાર પોલીએના સારવાર માટે ડો.શિલ્ટનને બોલાવવાનું કહે છે પરંતુ મિસ.પોલી તેને ના પાડી દે છે. જ્હોનના ઘરે મીણબત્તીના સ્ટેન્ડમાં પ્રિઝમ લગાવતા આખો રૂમ જે શુષ્ક દેખાતો હતો તે રંગોથી ભરાઇ જાય છે. પોલીએના જ્હોનને રાજી થવાની રમત શીખવે છે. ત્યારે જ્હોન કહે છે કે પ્રિઝમના કારણે સુંદર રંગો ઊભરી આવે છે પણ સારામાં સારો પ્રિઝમ તું છે પોલીએના. આમ, પોલીએનાના આગમન બાદ જ્હોનના જીવનમાં આવેલું પરિવર્તન આપણે જોઇ શકીએ છીએ. એક મુલાકાતમાં જ્હોન પોલીએનાને પોતે જેને પ્રેમ કરતા હતા તેની વાત કરે છે સાથે સાથે જ્હોન કહે છે કે વર્ષોથી આ ઘર ખાલી છે. ઘર બનાવવા માટે એક સ્ત્રીનું હૈયું અને હાથ તથા બાળકની હાજરી જોઇએ.પોલીએનાને પોતાની સાથે રહેવા આવવાની વાત કરે છે. પરંતુ પોલીએના મિસ.પોલીને પણ પેન્ડલટન હાઉસમાં રહેવા માટે મનાવી લેવાની વાત કરે છે. ત્યાં ડો.શિલ્ટન આવે છે. જ્હોનની તબિયત સારી જોઇ તે ખુશ થાય છે ત્યારે જ્હોન પોલીએના સામે જોઇ કહે છે કે, આ તમારૂ ટોનિક વધુ પડતું લેવાઇ ગયું હોય તેમ લાગે છે.

પોલીએના ડો.શિલ્ટનને જ્હોન પેન્ડલટન અને મિસ.પોલી જૂના પ્રેમીઓ છે તેની વાત કરે છે. આ વાત બાદ તે જ્હોનના ઘરે જાય છે. ત્યાં જ્હોન તેને પોતાની પાસે રહી જવા કહે છે. પોલીએના કહે છે કે હુ મિસ.પોલીની છું. ત્યારે જ્હોન કહે છે. તું મિસ પોલીની છે તે પહેલાં તું તારી મમ્મીની છે. તારી મમ્મીને હું પ્રેમ કરતો હતો. પરંતુ તેણે પાદરી સાથે લગ્ન કરી લેતાં સમગ્ર જગત મારા માટે કડવું થઇ ગયું.ઘણાં વર્ષો હું અતડો, શુષ્ક, નઠારો માણસ બની રહ્યો...પરંતુ એક દિવસ પ્રિઝમ જેવી તું મારી જિંદગીમાં હસતી રમતી આવી. મારી શુષ્ક જિંદગી તેં રંગોથી ભરી દીધી. પોલીએના ખૂબ આશ્ચર્ય પામે છે. તે જ્હોનને જણાવે છે કે હું તમને પોલી આન્ટીના પ્રેમી સમજતી હતી અને તે વાત મેં ડો.શિલ્ટનને કરી છે. આ વાતનો જવાબ જ્હોન સુંદર સ્મિતથી આપે છે.

ઘરે પાછા ફરતા વાદળો ઘેરાયેલા હોવાથી મિસ.પોલી નેન્સીને છત્રી લઇ

પોલીએનાની સામે મોકલે છે. નેન્સી મિસ.પોલીના જીવનમાં જે પરિવર્તન આવ્યું હતું તેની વાત કરે છે. નેન્સી જણાવે છે, કે પોલીએનાના આગમન બાદ મિસ.પોલી કેવાં ખુશ રહેતાં શીખ્યાં હતાં! જયારે આ દુનિયામાં કોઇ પોલીએનાનો હાથ પકડવા તૈયાર ન હતું ત્યારે મિસ.પોલીએ તેને સાચવી હતી તેથી પોલીએના મિસ.પોલીને છોડીને ક્યાંય ન જવાનો નિર્ણય કરી લે છે. તે જહોન પેન્ડલટનને પણ પોતાની જગ્યાએ જિમ બીનને પોતાના ઘરે રાખી લેવા વિનંતી કરે છે.

આ જ સમયે શહેરના પાદરી પૌલ ફોર્ડ પેન્ડલટન ટેકરી પર આવેલા વનમાં ચાલ્યા જતા હતા. તેઓ મનમાં શહેરમાં જે પરિસ્થિતિ હતી - ચોતરફ વિખવાદ, દગાબાજી, ઇર્ષા- તેના માટે પાદરી પૌલ યોગ્ય પગલાં લેવાનું વિચારી રહ્યા હતા. તેમણે રવિવારની પ્રાર્થના સભા માટે લોકોને સમજાવવા માટે એક કડવું આરોપનામું તૈયાર કર્યુ હતું. ત્યાં તેમને પોલીએના મળે છે. તે પાદરી પૌલને પોતાના પિતાની રાજી થવાની રમતની વાત કરે છે. સાથે બાઇબલમાં પ્રભુએ આપેલ છે તેમાં રાજી થાઓ, અખૂટ આનંદ પામો તેવાં લખાણો જોતાં ૪૦૦ વખત આનંદ થવાની જે વાત કરી છે તે જણાવે છે. પાદરી પૌલ આ વાતનો વિચાર આખી રાત કરે છે. રવિવારની સભામાં તે પેલા આરોપનામાને બદલે બાઇબલમાં લખેલા હે, નીતિમાન મનુષ્યો, પ્રભુએ જે આપ્યું છે તેમાં રાજી થાઓ. હે સહૃદયો, એની અસીમ કૃપા અનુભવીને આનંદો એ વચનો પર બોધ આપે છે. જેની લોકો  પર ઊંડી અસર થવા પામે છે. મેડમ સ્નોની દવા બાબતે પોલીએના ડો. શિલ્ટનને મળે છે અને જ્હોન તથા મિસ.પોલી જૂના પ્રેમીઓ નથી તેની વાત કરે છે. તે ડો.શિલ્ટનને પણ વ્યંગમાં જ્હોનની જેમ કોઇ સ્ત્રીનું હૈયું અને હાથ મેળવવા પ્રયત્ન કર્યો હોવાનું પૂછી લે છે. ડો.શિલ્ટન તેનો જવાબ આપી શકતા નથી.

નવલકથામાં ખૂબ મોટો વળાંક આવે છે જ્યારે પોલીએનાને અકસ્માત થાય છે. આ અકસ્માતથી પોલીએનાના પગ કામ કરતા બંધ થઇ જાય છે. મિસ.પોલીના ફેમિલી ડોક્ટર ઘણા જ ઉપચાર કરતા હોવા છતાં પરિસ્થિતિ સુધરતી નથી. પોલીએનાને મળવા જ્હોન પેન્ડલટન આવે છે. જે મિસ.પોલીને પોતે પોલીએનાને પોતાના ઘરે રાખવા માગતા હતા પરંતુ તે પોતાની આન્ટીને છોડવા માંગતી ન હતી તેની વાત કરે છે. સાથે પોતાના જીવનમાં પોલીએનાના આગમન બાદ આવેલા પરિવર્તનની વાત કરે છે. નેન્સી પણ આ અક્સ્માત બાદ ખુબ નિરાશ થઇ જાય છે. તે ટોમકાકાને પોલીએનાની રાજી થવાની રમતથી પોતાના જીવનમાં તથા પોલીએનાના આગમન બાદ મિસ.પોલી અને આ ઘરમાં આવેલા પરિવર્તનની વાત કરે છે. બિલાડીથી ખુલ્લા રહી ગયેલા બારણાને કારણે ડોક્ટરે પોલીએના ક્યારેય ચાલી નહીં શકે તે વાત પોલીએના સાંભળી જાય છે. અને આ વાતથી મિસ પોલી બેભાન અને પોલીએના બેબાકળી થઇ જાય છે.

પોલીએનાની પરિસ્થિતિમાં કોઇ સુધારો થતો નથી. આખા બેલ્ડન્ઝવીલ નગરમાં આ વાત ફેલાઇ જાય છે. ઘણાં લોકો પોલીએનાને મળવા આવે છે. કેટલાંક લોકો પુસ્તકો, ગુલદસ્તા, ચોકલેટ જેવી ભેટો આપીને તેને સારા થવાની શુભેચ્છાઓ આપે છે. પોલીએનાને ખુશ જોવા માટે જ્હોન પેન્ડલટન જિમ બીનને પોતાની પાસે રાખી લે છે. મેડમ સ્નોની દીકરી મિલી

આવીને મિસ.પોલીને પોતાની માતા કેટલી બદલાઇ ગઇ છે. હવે તે કોઇનો વાંક કાઢતી નથી, બારીના પડદા ખુલ્લા રાખે છે, ભરતગૂંથણ કરે છે, ખુશ રહે છે તે વાત કરવા જણાવે છે. મેડમ બેન્ટન પોલીએના માટે પોતે હવે રંગીન કપડું પહેરે છે તેવો સંદેશો મોકલાવે છે. જ્યારે મિસ. ટારબેલ પોતે ખુબ ખુશ છે તેવો સંદેશ મોકલાવે છે. આ તમામના સંદેશા જાણી પોલીએના પોતાનું દર્દ ભૂલી જઇ ખૂબ ખુશ થાય છે. મિસિસ પેયર્સન જેને કોઇ વ્યક્તિ મળતું ન હતું જે પોતાના પતિથી છૂટાછેડા લેવાનાં હતાં તે પોલીએનાને સંદેશો મોકલાવે છે કે હવે તે પોતાના પતિથી છૂટાછેડા લેવાના નથી. આ સંદેશાથી પણ પોલીએના ખૂબ ખુશ થઇ જાય છે. તમામ લોકોના જીવનમાં પોલીએના રાજી થવાની રમત શીખવીને કેવું પરિવર્તન લાવી હતી તે વાતો મિસ.પોલીને જાણવા મળે છે. મિસ.પોલી આ રમતથી અજાણ હતા. નેન્સી સાથેની વાતથી તેમને જાણવા મળે છે કે આ રમત પોલીએનાને તેના પપ્પાએ શીખવી હતી અને તેના પપ્પાની વાત કરવાની મિસ.પોલીએ ના પાડી હતી.

મિસ.પોલી પણ હવે રાજી થવાની રમત શીખવાં લાગ્યાં હતાં. તેમણે બે કંગાળ માણસો અને ડોશીમાને કરેલી મદદથી પોલીએના ખુબ ખુશ થઇ હતી. બીજી તરફ ડો.શિલ્ટન ચિંતાથી જ્હોનના ઘરે જાય છે અને જણાવે છે કે, પોતે એવા મિત્રને ઓળખે છે કે પોલીએનાને સાજી કરી શકે. પરંતુ ડો.શિલ્ટન અને મિસ.પોલી જૂના પ્રેમીઓ હતા તે વાત માત્ર જ્હોન પેન્ડલટન જ જાણતા હોવાથી તે જ્હોનને વિનંતી કરે છે કે તે મિસ પોલીને સમજાવે અને પોલીએનાના ઉપચાર માટે પોતાને બોલાવે. જ્હોન ડો.શિલ્ટનને પોતાનો જે અહમ છે તે બાજુ પર મૂકી પોલીએના માટે મિસ.પોલીના ઘરે જવા સમજાવે છે.

પોલીએના સાજી થઇ શકે છે તે વાત ક્યારામાં કામ કરતો જિમ સાંભળી લે છે. તે ઉતાવળથી મિસ.પોલીના ઘરે જઇ તેમને ડો.શિલ્ટનને કરેલી આખી વાત કરે છે. જિમીની વાત સાંભળી મિસ.પોલી ડો.વોરેનને ડો.શિલ્ટનને ઘરે બોલાવી લેવા જણાવે છે. ડો શિલ્ટનને ઘરે આવેલા જોઇ પોલીએના ખુબ ખુશ થઇ જાય છે. મિસ પોલી પોલીએનાને જણાવે છે કે, હું એક દિવસ ડો.શિલ્ટનને તારા અંકલ બનાવીને તારી પાસે લાવીશ. આ બધું તારા કારણે જ શક્ય બન્યું છે. ઓ પોલીએના, હું બહુ ખુશ છું. બહુ રાજી છું બેટા. પોલીએના આ વાતથી એટલી તો ખુશ થઇ જાય છે કે કહે છે, પોલી આન્ટી, તે સ્ત્રી તમે હતાં જેનો હાથ અને હૈયું વર્ષો પહેલાં ડો.શિલ્ટન ઇચ્છતા હતા. હા તમે જ હતાં. મને ખબર છે. એટલે જ એમણે કહ્યું કે મેં આજે રાજી થવાય તે કામ કર્યું છે. હું બહુ ખુશ છું આન્ટી. હું એટલી રાજી છું કે હવે મારા પગ નથી તેનો પણ મને રંજ નથી.

થોડા દિવસો બાદ પોલીએનાને દૂરના એક પ્રદેશમાં સારવાર માટે લઇ જવામાં આવે છે. ત્યાંથી તે એક પત્ર લખે છે જેમાં તે પોતે મિસ.પોલીનાં લગ્ન માણ્યાં તેની વાત કરે છે. અહીં રહેતાં ડોક્ટરો, નર્સો તેનાથી કેટલાં ખુશ હતાં તેની વાત કરે છે. હવે તે થોડું ચાલી શકે છે અને થોડા સમયમાં ઘેર આવી જશે તેની પણ વાત કરે છે.

‘પોલીએના’ નવલકથા આપણને જીવનમાં હકારાત્મક અભિગમ કેળવવાનું શીખવી જાય છે. પરિસ્થિતિ ગમે તેવી હોય પણ રાજી રહેવાનો બોધ આપી જાય છે. નવલકથાનું મુખ્ય

પાત્ર પોલીએના જેના માતા-પિતાનું અવસાન થઇ ચૂક્યું છે. જેને ગમતી નથી તેવા માસી (આન્ટી) સાથે રહેવાનું થાય છે. દાનમાં મળેલાં કપડાં જ પહેરવાનાં થાય છે. પોતે ઇચ્છ્યો હતો તેવો ગાલીચા, ચિત્રો, પડદાવાળી બારીઓના બદલે માળિયાવાળા રૂમમાં રહેવાનું થાય છે. જીવન જીવવા માંગતી હોવાં છતાં સિવણકામ, અભ્યાસ, રસોઇમાં પણ કામ કરવાનું થાય છે. આ બધામાં તે તેના પપ્પાએ શીખવેલી રાજી થવાની રમતના આધારે હકારાત્મક અભિગમ કેળવીને સહર્ષ બધું સ્વીકારી લે છે. એટલે સુધી કે પોતાના પગ હવે કામ કરવાના નથી તે વાતથી પહેલા તો તે દુઃખી બને છે પરંતુ પછી તે સહર્ષ આ પરિસ્થિતિને સ્વીકારી લે છે. પોલીએનાના આવાં જ વર્તન, અભિગમથી તેનાં માસી મિસ.પોલી જે ગુસ્સાવાળા, અતડા, એકલા રહેવાનું પસંદ કરનારાં હોવાં છતાં તેમનાં જીવનમાં મોટું પરિવર્તન આવે છે. જે પોલીએના માટે તેમને અણગમો હતો તેનાં અકસ્માત વખતે સૌથી વધારે ચિંતા કરતાં જણાય છે. વર્ષોથી પોતે જેને પ્રેમ કરતાં હતાં તેવા ડો.શિલ્ટન સાથે ઝઘડો થતા તેમની સાથેના તમામ સંબંધો તોડી નાખે છે પરંતુ પોલીએના માટે ડો.શિલ્ટનને તે ઘરે બોલાવે છે એટલું જ નહીં તેમની સાથે લગ્ન પણ કરે છે.

જ્હોન પેડલ્ટન જે પોલીએનાની માતાને પ્રેમ કરતા હતા. પરંતુ તેણે પાદરી સાથે લગ્ન કરી લેતાં તેમનું જીવન શુષ્ક બની ગયું હતું. પોલીએના સાથેની પ્રથમ મુલાકાતમાં તેમનું વર્તન અતડું હોવા છતા પોલીએના તેમને હંમેશા હસતા ચહેરે બોલાવતી રહે છે. પગ ભાંગી જતા તેમને મદદ કરે છે. તેની વાતો, તેનું હોવાપણું જ્હોનને તેની માતાની યાદ સતત અપાવતા રહે છે. જ્હોનના જીવનમાં પોલીએના પ્રિઝમ બની રંગો ભરી દે છે. જ્હોન તેને પોતાની દીકરી તરીકે દત્તક લેવા માંગે છે પંરતુ પોલીએના પોતાનાં પોલી આન્ટીને છોડી શકતી નથી તેથી જ્હોન તેના પર ગુસ્સે થઇ જાય છે. તે જ્હોન પોલીએનાના અકસ્માતના સમય દરમિયાન જિમ બીન જેવા અનાથ છોકરાને પોતાના ઘરમાં રાખી પોલીએના માટે રાજી થવાનું કામ કરી દે છે.

પોતાની પાસે જે વસ્તુ છે તે માણી ન શકતા અને પોતાની પાસે નથી તેવી વસ્તુઓની ઇચ્છા રાખતા મેડમ સ્નો જે હંમેશા અંધારા ઓરડામાં રહેતાં. પોલીએના પહેલી જ વાર તેમને મળતા તેમનાં રૂમમાં પડદા ખોલી પ્રકાશ લાવી દે છે. જે ખૂબ સૂચક છે. તેમના વાળ સુંદર રીતે ઓળાવી તેઓ પોતે સરસ છે તેવી પ્રતીતિ કરાવી દે છે. બીજી મુલાકાતમાં જે વસ્તુની મેડમ સ્નો ઇચ્છા રાખે તે તેમની સામે જ રજૂ કરી દે છે. રાજી થવાની રમત શીખવી તે મેડમ સ્નોનું જીવન બદલી નાંખે છે. એટલે સુધી કે ચિકન ન મળતા નાઇટડ્રેસની ઇચ્છા રાખતા મેડમ સ્નો જે વસ્તુ મળે તેમાં આનંદ લે છે. મેડમ સ્નોનો અંધારીયો રૂમ પોલીએના રૂપી પ્રિઝમના રંગોથી ભરાઇ જાય છે.

નેન્સી જેને પોલીએના પોતાની પ્રથમ મુલાકાતમાં મિસ.પોલી સમજી બેસે છે તે મિસ.પોલીના સ્વભાવથી કંટાળેલી હોય છે પરંતુ મજબૂરીમાં તે અહીં કામ કરે છે. પોલીએનાને માળિયાવાળો રૂમ મળતા નેન્સી કેટલાંય મ્હેણાં મિસ.પોલીને મારે છે. ટોમકાકા સાથેના તેના સંવાદમાં મિસ.પોલી પ્રત્યેનો ગુસ્સો જોવા મળે છે. પરંતુ પોલીએના સાથેની મુલાકાત બાદ અને તેની સાથે રાજી થવાની રમત રમ્યા પછી

નેન્સીને પોતાનું ન ગમતું નામ પણ ગમવા લાગે છે. સાથે સાથે તે પોલીએનાની ખુશી માટે રમત રમવાની પણ તૈયારી બતાવે છે. જ્હોન પેન્ડલટનને મિસ.પોલીના પ્રેમી માનીને તે વાત નેન્સી પોલીએનાને કરે છે આ વાત નવલકથામાં એક રમૂજ લાવી દે છે. મેડમ સ્નો, જ્હોન પેન્ડલટન વગેરે લોકોની સાથે પોલીએનાની મુલાકાત તથા તેમના જીવનમાં આવેલું પરિવર્તન નેન્સી પર પોલીએનાની એક આગવી છાપ છોડી જાય છે. ઘરના નોકર ટોમકાકાને પોલીએના સ્વર્ગમાંથી ઊતરી આવેલી પરી જેવી લાગે છે. પોલીએના રાજી થવાની રમત રમાડીને મેડમ બેન્ટનને રંગીન કપડું પહેરતા શિખવાડીને જિંદગીને એક નવી આશાથી જીવવાનું શીખવે છે. આ જ રમતથી મિસસ ટારબેલને જે જીવનમાં નિરાશા વ્યાપેલી હતી તેમને જીવનમાં ખુશ થતાં શીખવે છે. મિસ પેયર્સસેનને આ જ રમતથી બધા જે સાથે રહેતા શીખવાડે છે.

આમ પોલીએના રાજીપણાની કથા છે. તે હકારત્મક અભીગમ જિદગીમાં કેટલો મહત્વનો છે અને તેનાથી જીવન કેટલું સુંદર બની શકે તેની વાત ખૂબ હડવાશથી કહી જાય છે.